# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-7** | **ગુજરાતી** | **જુલાઈ, 2020**

**સમય: 1 કલાક** | **કુલ ગુણ: 25**

*** અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. જોયેલી, સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે.

**પ્રશ્ન- 1 આપેલ પ્રશ્નોના ઉત્તર આપો.**

1. તમારા પ્રિય શિક્ષક તમારા ઘરે તમને મળવા આવવાના હોય તો તમે તેમના સ્વાગત માટે ઘરે શું તૈયારી કરશો? **3**
2. કાવ્યપંક્તિ સમજાવો. **2**

તરિયાતોરણ બારે બંધાવીએ;
મોતીડે ચોક પુરાવીએ જી રે. સખી........

અ.નિ. સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો,વચન,કાળ,વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ સહિત વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકશે.

**પ્રશ્ન-2 કૌંસમાં આપેલ શબ્દો ફકરામાં આપેલ ખાલી જગ્યામાં યોગ્ય સ્થાને મૂકો.** **5**

(મૂશળધાર, ઉબડ-ખાબડ,ચળકતા, ચીકણી, કડકડતી, સૂમસામ, સુગંધિત, કાળઝાળ, રાહમાં, મીટ)

................. ઠંડી બાદ હવે એ ગોઝારા ગામમાં ............. ગરમી ચાલુ થઈ ગઈ હતી. .............. પારાની જેમ સૂર્યનાં કિરણો ચળકતાં હતાં. ............. પુષ્પો હવે કરમાવા લાગ્યાં હતાં. ખેતરો પણ જાણે ............. ખંડેર જેવાં લાગતાં હતાં. ખેતરની .............. માટી હવે સૂકી ભઠ ભાસતી હતી. ગામના ........... રસ્તા પાણીના તરસ્યાં થઈ ગયા હતાં. ખેડૂતો પણ આકાશ તરફ ...........માંડીને બેઠાં હતાં. ગામ આખું એક જ .............. હતું. હવે તો બસ ............... વરસાદની રાહ હતી.

અ.નિ. આશરે 4000 જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશ , જોડણી તથા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે.

**પ્રશ્ન -3 આપેલ શબ્દ પરથી ઉદાહરણ મુજબ ચાર-ચાર શબ્દો બનાવો.** **5**

ઉદાહરણ : અમદાવાદ : વાદ, દવા, દાદ, મદદ

(1) નગરપાલિકા (2) કારતકમાસ (3) મદનમોહન (4) પાલનપુર (5) ગરમાગરમ

અ.નિ. મુદ્દા પરથી વાર્તા, વિવિધ પત્રો તથા નિબંધ લખી શકશે. **5**

**પ્રશ્ન -4 તમારા નાના પિતરાઈ ભાઈને કોરોના મહામારી સામે રક્ષણ કઈ રીતે થઈ શકે તેની માહિતી આપતો પત્ર લખો.**

અ.નિ. ચિત્ર વર્ણન કરશે અને લખી શકશે. **5**

**પ્રશ્ન -5** **ધોરણ-7 ગુજરાતીનાં પાના નંબર-1 પર આપેલ નીચેના ચિત્ર જોઈ તમારા શબ્દોમાં વર્ણન કરો.**

